| PUBLICATION NAME : | Gujarat Pranam |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 27/02/2025 |
| PAGE : | 02 |

# ઈડીઆઈઆઈ દ્વારા ઉદ્યોગસાહસિકતા પર ૧૬મી દ્વિવાર્ષિક સંમેલનનું આયોજન



અમદાવાદ, ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫: એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદની ૧૬મી દ્વિવાર્ષિક સંમેલન (૩-દિવસીય) ૨૬ ફેબ્રુઆરીએ સંસ્થાના પરિસરમાં શરૂ થઈ. 'ઉદ્યોગસાહસિકતા' પર આધારિત ત્રણ દિવસીય સંમેલન ૨૮ ફેબ્રુઆરીએ સમાપ્ત થશે. આ સંમેલન સંશોધકો, શિક્ષણવિદો અને અભ્યાસકર્તા માટે એક મંચ છે જેથી ઉદ્યોગસાહસિકતા વિકાસના વિવિધ ક્ષેત્રોમાં તેમના સંશોધન અભ્યાસો અને તારણો શેયર કરી શકે છે. ઈડીઆઈઆઈ ૧૯૯૪થી ઉદ્યોગસાહસિકતા પર દ્વિવાર્ષિક સંમેલનનું આયોજન કરી રહ્યું છે.

સંમેલન દરમિયાન, ૯ થી વધુ દેશોના વિદ્વાનો દ્વારા ઉદ્યોગસાહસિકતા સિદ્ધાંત અને વ્યવહાર; ઉદ્યોગસાહસિકતા શિક્ષણ; ઉદ્યોગસાહસિકતા ઈકોસિસ્ટમ; મનોવિજ્ઞાન અને ઉદ્યોગસાહસિકતા; એમએસએમઈ ઉદ્યોગસાહસિકતા; ટેકનોલોજી અને ડિજિટલ ઉદ્યોગસાહસિકતા; સ્ટાર્ટઅપ અને ઈનોવેશન; હરિત અને સતત ઉદ્યોગસાહસિકતા; સામાજિક ઉદ્યોગસાહસિકતા; સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્ય આધારિત ઉદ્યોગસાહસિકતા; મહિલા ઉદ્યોગસાહસિકતા; ગ્રામીણ ઉદ્યોગસાહસિકતા અને નવજાત ઉદ્યોગસાહસિકતા અને નવા સાહસ સર્જન અને કૌટુંબિક વ્યવસાય જેવા વિષયો પર ૧૪૮ સંશોધન પત્રો અને અભ્યાસો રજૂ કરવામાં આવ્યા.